સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

## ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી

## ૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર (ગુ. રા.)

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક–એનજીસી/૧૦૧૯/CHE-૭૬૮/ખ.તા.૨૩-૧૨-૨૦૧૯ મુજબ

## બિનસરકારી અનુદાનિત કોલેજોમાં દિવ્યાંગો માટે ખાસ ભરતી ઝુંબેશથી

# અધ્યાપક સહાયકોની નિમણૂંક માટે કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા-2025 (બીજો પ્રયત્ન)

## અરજી કરવાનો સમયગાળો તા: 11/03/2026 બપોરે 12.00 થી

## તા: 25/03/2026 બપોરે 05.00

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર (ગુ.રા.) દ્વારા રાજ્યની બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, હોમસાયન્સ, શિક્ષણ (બી.એડ.), અને કાયદા (લૉ), વિદ્યાશાખાની કોલેજોમાં દિવ્યાંગો માટે ખાસ ભરતી ઝુંબેશથી "અધ્યાપક સહાયક"ના નામાભિધાનથી આસિસ્ટન્ટ પ્રોફેસરની કુલ ૨૧૬ જગ્યા પર નિમણૂક આપવાના હેતુથી કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા માટે સંસ્થાઓને એન.ઓ.સી. આપવામાં આવેલ. જેમાંથી પ્રથમ પ્રયત્નમાં કુલ ૮૦ જગ્યાઓ ભરાયેલ. ખાલી રહેલ કુલ ૧૩૬ જગ્યાઓની બીજા પ્રયત્નમાં ભરતી કરવાની રહે છે. આ ભરતી પ્રક્રિયા કેન્દ્રીયકૃત ધોરણે કરવા માટે સબંધિત સંસ્થાના કોલેજ સંચાલક મંડળ દ્વારા સંમતિ આપવામાં આવેલ છે. જે સંદર્ભે "અધ્યાપક સહાયક" તરીકે નિમણૂક આપવા દિવ્યાંગતાના પ્રકાર આધારિત ફક્ત દિવ્યાંગ ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીપત્રકો આમંત્રિત કરવામાં આવે છે.

આ જગ્યાઓ માટે સમગ્ર ભરતી પ્રક્રિયા પારદર્શી રીતે, ગુણવત્તાસભર, ઝડપભેર અને રોસ્ટર મુજબ દિવ્યાંગતાના પ્રકાર આધારિત થાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા ભારત સરકારશ્રીના રાજપત્ર–૧૮મી જુલાઈ, ૨૦૧૮માં પ્રકાશિત યુ.જી.સી. નવી દિલ્હીની અધિસૂચનાના ધારા-ધોરણ તેમજ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૦૧૯/CHE-૭૬૮/ખ.તા.૨૩-૧૨-૨૦૧૯ તેમજ પરચ/૧૫૨૦૨૪/CHE-33/ખ તા.03/06/૨૦૨૪ મુજબ ખાસ ભરતી ઝુંબેશથી ફક્ત દિવ્યાંગ ઉમેદવારો માટે કેન્દ્રિયકૃત ભરતીનું આયોજન કરવામાં આવેલ છે.

## 1. સામાન્ય સૂચના :-

1.1. આ બિનસરકારી અનુદાનિત કોલેજોમાં દિવ્યાંગો માટે ખાસ ભરતી ઝુંબેશથી અધ્યાપક સહાયકોની નિમણૂંક માટે કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા-2025નો બીજો પ્રયત્ન છે. જે બે તબક્કામાં થશે. બીજા પ્રયત્ન ના પ્રથમ તબક્કામાં જે તે વિષયની ખાલી જગ્યાઓની દિવ્યાંગતાની કેટેગરીવાઇઝ ભરતી કરવામાં આવશે (દા.ત. PH કટેગરી A ની જગ્યા પર PH કેટેગરી A ના ઉમેદવારોને જ સમાલાપ માટે બોલાવવામાં આવશે). પ્રથમ તબક્કામાં જે તે વિષયમાં ખાલી રહેતી જગ્યાઓમાં બીજા તબક્કામાં દિવ્યાંગતાની કોઈપણ કેટેગરીમાંથી ઉપલબ્ધ ઉમેદવારોથી ભરતી કરવામાં આવશે. (દા.ત. PH કટેગરી A ની જગ્યા પર PH કેટેગરી A, B, C અને D&E એમ તમામ ઉમેદવારોને સમાલાપ માટે બોલાવવામાં આવશે). પ્રથમ પ્રયત્નની જાહેરાતમાં જે ઉમેદવારોએ અરજી કરેલ હોય તેમણે પણ અત્રેની જાહેરાતમાં ફરીથી અરજી કરવાની રહેશે.

1.2. સમગ્ર કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા સરકારશ્રીની વખતો-વખતની નીતિ અને સૂચનાઓને આધીન છે, તથા **સરકારશ્રી દ્વારા ઠરાવવામાં આવે તો રદ અથવા ફેરફારને પાત્ર છે અને તે ઉમેદવાર માટે બંધનકર્તા રહેશે.**

1.3. ભરતી માટે આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ વિષયવાર, દિવ્યાંગતાની કેટેગરીવાઇઝ ખાલી જગ્યાની વિગતો જાણકારીના હેતુસર દર્શાવેલ છે. પસંદગી યાદી બન્યા બાદ પણ કાર્યભાર કે વહીવટી કારણો સબબ ઉકત કોઇપણ જગ્યાઓ રાજય સરકાર દ્વારા ભરવા બાબતે અન્ય નીતિ નિર્ધારિત થાય તેવા સંજોગોમાં પરિશિષ્ટમાં દર્શાવેલ જગ્યાઓમાં વધ-ઘટ કરવાની તેમજ રદ્દ કરવાની આખરી સત્તા ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર ની રહેશે.

1.4. જો એક કરતા વધુ વિષય માટે અરજી કરવાની હોય તો દરેક વિષય માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે નિયત ફી ભરવાની રહેશે, પરંતુ એક જ વિષયમાં દિવ્યાંગતાની અલગ અલગ કેટેગરી માટે અલગથી અરજીઓ કરવાની રહેશે નહીં.

1.5. આ ભરતી પ્રક્રિયા પૂર્ણતયા પ્રવર્તમાન નિયમો, જોગવાઇઓ અને સરકારશ્રીના સામાન્ય નિયમોને આધીન રહેશે. કમિશ્નરશ્રી (ઉચ્ચ શિક્ષણ) ને કોઇપણ ઉમેદવાર તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો મુજબ યોગ્ય નહિ હોવાનુ જણાશે, તો કોઇપણ તબક્કે તેની નિમણૂક રદબાતલ કે સ્થગિત કરી શકશે.

1.6. આ જાહેરાત અનુસાર ભરતી કાર્યક્રમ કે શરતોમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરવાનો તથા રદ્દ કરવાનો ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગરને સંપૂર્ણ અધિકાર રહેશે. તમામ ઉમેદવારો અને સંસ્થા વચ્ચેના વિવાદો સમેત કોઇપણ વિવાદ વેળા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગર નો નિર્ણય આખરી રહેશે અને જે તમામ પક્ષકારોને બંધનકર્તા રહેશે.

## 2. લાયકાત :

2.1. ઉમેદવાર ભારતના નાગરિક હોવા જોઈએ.

2.2. ઉમેદવાર શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ જીસીઓ/૧૫૧૨/૨૯૫૨/ખ મુજબ જે તે વિષયમાં શિક્ષણ વિભાગ દ્વારા માન્ય પ્રકારની દિવ્યાંગતા (૪૦ ટકા કે વધુ) ધરાવતા હોવા જોઈએ. દિવ્યાંગતા ના પુરાવા સ્વરૂપે જાહેરાત ની આખરી તારીખ સુધી વેલીડ હોય એવું UDID કાર્ડ (પીળું અથવા વાદળી, ૪૦% થી વધુ દિવ્યાંગતા) ધરાવતા હોવા જોઈએ. **અથવા** દિવ્યાંગ ઉમેદવારે સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૯/૦૨/૨૦૨૪ ના પરિપત્ર ક્રમાંકઃ GAD/PHA/e-file/૧/૨૦૨૩/૮૦૧૭/G-૨ Section ની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તારીખ ૧/૧૨/૨૦૦૮ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રને બદલે આ સંબંધે ભારત સરકારની વખતો વખતની સૂચના/ જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચના અનુસારનું સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ /સિવિલ સર્જન/ મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર ડોક્યુમેન્ટ વેરિફિકેશન વખતે અચૂક રજુ કરવાના રહેશે. જો દિવ્યાંગતાના પ્રમાણપત્રો રજૂ કરવામાં નહીં આવે તો ઉમેદવારી રદ્દ થશે.

2.3. આ જાહેરાત દિવ્યાંગ વ્યક્તિઓની અનામતની ઘટની જગ્યાઓ ખાસ ભરતી ઝુંબેશ (SPECIAL RECRUITMENT DRIVE) થી ભરવા અંગેની હોઈ કક્ષાવાર કોઈ અનામત જગ્યાઓ રાખવામાં આવેલ નથી. પરંતુ કોઈપણ દિવ્યાંગ ઉમદવાર દિવ્યાંગતાની કેટેગરીની જગ્યા પર અરજી કરી શકશે. પસંદગી પામેલ ઉમેદવારોને સંબંધિત કેટેગરી (SC/ST/SEBC/EWS) ની જગ્યા સામે સરભર કરવાના રહેતા હોઈ મૂળ ગુજરાત રાજ્યના અનામત વર્ગના ઉમેદવારોનો જ સમાવેશ તેઓના અરજીપત્રકમા દર્શાવેલ કેટેગરી (SC/ST/SEBC/EWS) સામે કરવામાં આવશે અન્યથા સામાન્ય કેટેગરીમાં દર્શાવવામાં આવશે.

**2.4.** દિવ્યાંગ વ્યક્તિઓની સીધી ભરતીમાં અનામતની જગ્યાઓની ઘટ ખાસ ભરતી ઝુંબેશથી (SPECIAL RECRUITMENT DRIVE) થી ભરવા માટની પ્રક્રિયા હોઈ મહિલાઓ તથા માજી સૈનિકો માટે અલગથી અનામત જગ્યાઓ રાખવામાં આવેલ નથી.

**2.5.** ઉમેદવારની શૈક્ષણિક લાયકાત યુ.જી.સી. રેગ્યુલેશન,૨૦૧૮, તા.૧૮-૦૭-૨૦૧૮ અને તેમાં થયેલ વખતો વખતના સુધારાઓ તથા શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૦૧૯/CHE-૭૬૮/ખ.તા.૨૩-૧૨-૨૦૧૯ અને તેમાં થયેલ વખતોવખતના સુધારાઓ અને સરકારશ્રીના વખતો વખતના ઠરાવ અનુસાર રહેશે.

**2.6.** શૈક્ષણિક લાયકાત માટે ભારત સરકાર કે રાજય સરકાર દ્વારા વૈધાનિક કાયદા વડે તથા યુ.જી.સી. દ્વારા આપેલ માન્યતા સંદર્ભે સ્થાપિત કે માન્ય કોઇપણ યુનિવર્સિટી તરફથી એનાયત થયેલ ડિગ્રી જ ધ્યાને લેવાશે.

**2.7.** યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુ.જી.સી.) રેગ્યુલેશન-૨૦૧૮ અને શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૦૧૯/CHE-૭૬૮/ખ.તા.૨૩-૧૨-૨૦૧૯ અને તેમાં વખતોવખતના સુધારાઓ પ્રમાણે ઉમેદવારે જે તે વિદ્યાશાખા અને સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી લઘુત્તમ ૫૫ ટકા ગુણ (જો યુનિવર્સિટી દ્વારા ગ્રેડ પોઈન્ટ અપાયેલ હોય તો ૫૫ ટકા સમકક્ષ ગ્રેડ પોઈન્ટ) સાથે મેળવેલ હોવી જોઇએ. પરંતુ દિવ્યાંગ ઉમેદવારો માટે UGC ની જોગવાઈ અનુસાર **મુદ્દા નં.-૩.૪ નો (I) લાગુ પડશે.**

**2.8.** સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ટકાવારી માટે U.G.C. Regulations, 2018 નાં **મુદ્દા નં.-૩.૪ ના (I)** ની જોગવાઈ અનુસાર ધ્યાન માં લેવામાં આવશે. જે નીચે મુજબ છે.

**3.4** A minimum of 55% marks (or an equivalent grade in a point-scale, wherever the grading system is followed) at the Master's level shall be the essential qualification for direct recruitment of teachers and other equivalent cadres at any level.

**(I)** A relaxation of 5% shall be allowed at the Bachelor's as well as at the Master's level for the candidates belonging to Scheduled Caste/Scheduled Tribe/Other Backward Classes (OBC)(Non-creamy Layer)/Differently abled ((a) Blindness and low vision; (b) Deaf and Hard of Hearing; (c) Locomotor disability including cerebral palsy, leprosy cured, dwarfism, acid-attack victims and muscular dystrophy; (d) Autism, intellectual disability, specific learning disability and mental illness; (e) Multiple disabilities from amongst persons under (a) to (d) including deaf-blindness) for the purpose of eligibility and assessing good academic record for direct recruitment. The eligibility marks of 55% marks (or an equivalent grade in a point scale wherever the grading system is followed) and **the relaxation of 5% to the categories mentioned above are permissible, based only on the qualifying marks without including any grace mark procedure.**

**2.9.** નેટ / સ્લેટ / સેટ તેમજ પી.એચ.ડી. માટે U.G.C. Regulations, 2018 નાં **મુદ્દા નં.-3.3 ના (I) અને (II)** ની જોગવાઈ અનુસાર ધ્યાન માં લેવામાં આવશે. જે નીચે મુજબ છે.

I. The National Eligibility Test (NET) or an accredited test (State Level Eligibility Test SLET/SET) shall remain the minimum eligibility for appointment of Assistant Professor and equivalent positions wherever provided in these Regulations. Further, SLET/SET shall be valid as the minimum eligibility for direct recruitment to Universities/Colleges/Institutions in the respective state only:

Provided that candidates who have been awarded a Ph.D. Degree in accordance with the University Grants Commission (Minimum Standards and Procedure for Award of M.Phil./Ph.D. Degree) Regulation, 2009, or the University Grants Commission (Minimum Standards and Procedure for Award of M.Phil/Ph.D. Degree) Regulation,2016, and their subsequent amendments from time to time, as the case may be, shall be exempted from the requirement of the minimum eligibility condition of NET/SLET/SET for recruitment and appointment of Assistant Professor or any equivalent position in any University, College or Institution.

Provided further that the award of degree to candidates registered for the M.Phil/Ph. D. program prior to July 11, 2009, shall be governed by the provisions of the then existing Ordinances / Bye-laws / Regulations of the Institutions awarding the degree. All such Ph.D. candidates shall be exempted from the requirement of NET/SLET/SET for recruitment and appointment of Assistant Professors or equivalent positions in Universities/Colleges/ Institutions subject to the fulfillment of the following conditions:

a) The Ph.D. degree of the candidate has been awarded in regular mode only;

b) The Ph.D. thesis has been awarded by at least two external examiners;

c) An open Ph.D. viva voce of the candidate has been conducted;

d) The candidate has published two research papers from his/her Ph.D. work out of which at least one is in a refereed journal;

e) The candidate has presented at least two papers, based on his/her Ph.D. Work in conferences/seminars sponsored/funded/supported by the UGC/ ICSSR/ CSIR or any similar agency

The fulfillment of these conditions is to be certified by the Registrar or the Dean (Academic Affairs) of the University concerned.

II. The clearing of NET/SLET/SET shall not be required for candidates in such disciplines for which NET/SLET/SET has not been conducted.

**2.10. <u>દિવ્યાંગો માટે ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત</u> <u>શિક્ષણ વિદ્યાશાખામાં 'અધ્યાપક સહાયક'ની અરજી કરનાર ઉમેદવારો માટે વિશેષ નોંધ:-</u>**

યુજીસી રેગ્યુલેશન-૨૦૧૮ તેમજ NCTE ૨૦૧૪ માં થયેલ વખતોવખતના સુધારાઓ તથા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા નિયત થયેલા લઘુતમ લાયકાત ધોરણો તેમજ અન્ય ધારા-ધોરણો જાળવ્યા બાદ શિક્ષણ વિદ્યાશાખાની જરૂરીયાત પ્રમાણે વિદ્યાશાખા મુજબ 'અધ્યાપક સહાયક'ની લાયકાતનાં ધોરણો રહેશે.

**2.10.1 શિક્ષણ (બી.એડ.)ની કોલેજો માં દિવ્યાંગો માટે ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત 5% ની છૂટછાટ બાદ અધ્યાપક સહાયકની લાયકાત નીચે મુજબની રહેશે.**

1. A Master's Degree in a subject with 50% marks (or an equivalent grade in a point scale wherever a grading system is followed);
2. M.Ed. Degree with at least 50% marks (or an equivalent grade in a point scale wherever grading system is followed); and
3. Besides fulfilling the above qualifications, the candidate must have cleared the National Eligibility Test (NET) in Education conducted by the UGC, CSIR, or a similar test accredited by the UGC like SLET/SET.
4. લાયકાતની શરતનાં મુદ્દા નં-૨.૯ મુજબ શિક્ષણ વિદ્યાશાખામાં પીએચ.ડી. કરેલ હશે તે ઉમેદવારોને જ નેટ/સ્લેટ/જી-સેટ માંથી મુક્તિ મળવાપાત્ર થાય છે.

**2.10.2 As per NCTE 2014 regulation for Education Colleges above qualifications and the following qualifications will be applicable after 5% relaxation for Physically Disabled Candidates**

Curriculum and Pedagogic Courses

(i) Postgraduate degree in Sciences/ Mathematics/ Social Sciences/ Languages with minimum *50%* marks,

and

(ii) M.Ed. degree with minimum *50%* marks.

**Desirable:** Ph.D. degree in Education with subject specializations.

**2.11. દિવ્યાંગો માટે ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, હોમ સાયન્સ, અને કાયદાની કોલેજો માટે અધ્યાપક સહાયકની લાયકાત 5% ની છૂટછાટ બાદ નીચે મુજબની રહેશે.**

U.G.C. Regulations, 2018 નાં મુદ્દા નં.- **4.1ના (A or B)** ની જોગવાઈ અનુસાર ધ્યાનમાં લેવામાં આવશે. જે નીચે મુજબ છે.

A.

i) A Master's degree with 50% marks (or an equivalent grade in a point scale wherever the grading system is followed) in a concerned/relevant/allied subject from an Indian University, or an equivalent degree from an accredited foreign university.

ii) Besides fulfilling the above qualifications, the candidate must have cleared the National Eligibility Test (NET) conducted by the UGC or the CSIR, or a similar test accredited by the UGC, like SLET/SET, or who are or have been awarded a Ph.D. Degree in accordance with the University Grants Commission (Minimum Standards and Procedure for Award of M.Phil./Ph.D. Degree) Regulations, 2009 or 2016 and their amendments from time to time as the case may be exempted from NET/SLET/SET :

Provided, the candidates registered for the Ph.D. program prior to July 11, 2009, shall be governed by the provisions of the then-existing Ordinances/Bye-laws/Regulations of the Institution awarding the degree and such Ph.D. candidates shall be exempted from the requirement of NET/SLET/SET for recruitment and appointment of Assistant

Professor or equivalent positions in Universities /Colleges / Institutions subject to the fulfillment of the following conditions:-

a) The Ph.D. degree of the candidate has been awarded in a regular mode;
b) The Ph.D. thesis has been evaluated by at least two external examiners;
c) An open Ph.D. viva voce of the candidate has been conducted;
d) The Candidate has published two research papers from his/her Ph.D. work, out of which at least one is in a refereed journal;
e) The candidate has presented at least two papers based on his/her Ph.D work in conferences/seminars sponsored/funded/supported by the UGC / ICSSR/ CSIR or any similar agency.

The fulfilment of these conditions is to be certified by the Registrar or the Dean (Academic Affairs) of the University concerned.

Note: NET/SLET/SET shall also not be required for such Masters Programmes in disciplines for which NET/SLET/SET is not conducted by the UGC, CSIR or similar test accredited by the UGC, like SLET/SET.

OR

B. The Ph.D degree has been obtained from a foreign university/institution with a ranking among top 500 in the World University Ranking (at any time) by any one of the following: (i) Quacquarelli Symonds (QS) (ii) the Times Higher Education (THE) or (iii) the Academic Ranking of World Universities (ARWU) of the Shanghai Jiao Tong University (Shanghai).

**અગત્યની નોંધ:-**

**ઉમેદવારની તમામ લાયકાતો અને પ્રમાણપત્રો અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં મેળવેલ હોય તેને જ માન્ય રાખવામાં આવશે.**

3. **પગાર ધોરણ :**

આ જગ્યાઓનું પગાર-ધોરણ અને નિમણૂકની શરતો શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૧૦૪-૧૯૫૭-ખ તા.૨૫/૦૮/૨૦૦૫, તા.૨૮/૦૩/૨૦૦૬, તા.૧૬/૦૬/૨૦૦૮, તા.૧૫/૦૬/૨૦૧૦, તા.૦૩/૧૦/૨૦૧૨, તા.૦૪/૦૪/૨૦૧૭, તા.૨૭/૦૭/૨૦૧૭ અને એનજીસી-૧૦૧૯/CHE-૭૯૮/ખ તા.૨૩/૧૨/૨૦૧૯ની જોગવાઇ અનુસાર રહેશે. તે મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ. ૫૨,૦૦૦/- અંકે રૂપીયા બાવન હજાર પુરા ના ફિકસ પગારથી અથવા સરકારશ્રીના વખતોવખતના ઠરાવો મુજબ અજમાયશી ધોરણે નિમણૂંક અપાશે. પાંચ વર્ષ બાદ ઉમેદવારની સેવા સંતોષકારક જણાય તો કાર્યભાર અને સબંધિત કોલેજની દરખાસ્તની ચકાસણી બાદ નિયમોનુસાર તેમને ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા જે તે સમયના પ્રવર્તમાન નિયત થયેલ નિયમિત પગાર ધોરણમાં અધ્યાપક સહાયકનો સમાવેશ કરવામાં આવશે.

## 4. પસંદગી ગુણાંકન :

પસંદગી ગુણાંકન યુજીસી રેગ્યુલેશન-૨૦૧૮ તેમજ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક-એનજીસી/૧૦૧૯/CHE-૭૬૮/ખ.તા.૨૩-૧૨-૨૦૧૯ અનુસાર નીચે દર્શાવેલ ટેબલ ૩ બી ના આધારે કરવામાં આવશે.

**Table: 3 B**

**Criteria for Short-listing of Candidates for Interview for the Post of Assistant Professors in Colleges**

| S.N. | Academic Record | Score | | | |
|---|---|---|---|---|---|
| 1 | Graduation | 80% & Above = 21 | 60% to less than 80% = 19 | 55% to less than 60% = 16 | 45% to less than 55% =10 |
| 2 | Post-Graduation | 80% & Above = 25 | 60% to less than 80% = 23 | 55% (50% in case of SC/ST/OBC (non-creamy layer)/ PWD) to less than 60% = 20 | |
| 3 | M.Phil. | 60% & above = 07 | 55% to less than 60% = 05 | | |
| 4 | Ph.D. | 25 | | | |
| 5 | NET with JRF | 10 | | | |
| | NET | 08 | | | |
| | SLET/SET | 05 | | | |
| 6 | Research Publications (2 marks for each research publication published in Peer-Reviewed or UGC-listed Journals) | 06 | | | |
| 7 | Teaching / Post-Doctoral Experience (2 marks for one year each)# | 10 | | | |
| 8 | Awards | | | | |
| | International / National Level (Awards given by International Government of India recognised National Level Bodies) | 03 | | | |
| | State-Level (Awards given by State Government) | 02 | | | |

Note :

(A)

- (i) M.Phil. + Ph.D. — Maximum - 25 Marks
- (ii) JRF/NET/SET — Maximum - 10 Marks
- (iii) In the awards category — Maximum - 03 Marks

| | | | |
|---|---|---|---|
| (B) | Academic Score | - | 84 |
| | Research Publications | - | 06 |
| | Teaching Experience | - | 10 |
| | TOTAL | - | 100 |

(C) SLET/SET score shall be valid for appointment in respective State Universities /Colleges /institutions only.

**4.1.** જે ઉમેદવારોએ નેટ અને સ્લેટ બંને પાસ કરેલા હશે તેવા ઉમેદવારો ને મહત્તમ 0૪ ગુણ મળવાપાત્ર રહેશે.

**4.2.** જે ઉમેદવાર એમ.ફિલ ડિગ્રીની માર્ક-શીટ ધરાવતા નહીં હોય તેવા ઉમેદવાર ને જે તે યુનિવર્સિટીના નોટિફિકેશન અને ડિગ્રીના આધારે એમ.ફિલ ના લઘુત્તમ 05 ગુણ મળવાપાત્ર રહેશે.

**4.3.** **<u>શૈક્ષણિક/પોસ્ટ ડોકટરલ અનુભવ :-</u>**

4.3.1. શૈક્ષણિક અનુભવની ગણતરી માટે જો સમયગાળો એક વર્ષથી ઓછો હશે તો ટેબલ 3 B ના અનુભવના માર્કસના પ્રમાણસર ગણતરીમાં લેવામાં આવશે.

4.3.2. <u>અનુભવના માર્કસની ગણતરી માટે ઉમેદવારે લઘુત્તમ લાયકાત મેળવ્યા બાદ યુ.જી.સી તેમજ રાજ્ય સરકારના ધારા-ધોરણો મુજબ માન્ય પધ્ધતિથી નિમણૂંક મેળવેલ હશે તેમજ યુનિવર્સિટીની નિયમિત માન્યતા મેળવ્યા બાદનો જ અનુભવ ગણતરીમાં લેવાશે.</u>

4.3.3. સરકારી કોલેજોમાં સ્નાતક કક્ષાએ કરાર આધારિત અધ્યાપક તરીકે પૂર્ણકાલિન અનુભવ માટે દર એક વર્ષ માટે ૦૨ ગુણ.

4.3.4. પાર્ટ ટાઇમ અધ્યાપકના અનુભવ માટે શિક્ષણ વિભાગના તા.૧૪-૧૧-૨૦૧૧ના ઠરાવ અનુસાર આ જાહેરાત મુજબની લાયકાત ધરાવતા સરકારી કે બિનસરકારી અનુદાનિત કોલેજોમાં સરકારશ્રી દ્વારા મંજૂર કરેલ જગ્યા ઉપર માન્ય પસંદગી પધ્ધતિ દ્વારા પસંદ થયેલ હોય તેવા ખંડ સમયના વ્યાખ્યાતાઓએ ઓછામાં ઓછા ૨ વર્ષ સેવા બજાવેલ હોય તો તેમને નીચે પ્રમાણે અનુભવના વધુમાં વધુ ૧૦ ગુણ પ્રાપ્ત થશે.

4.3.4.1. ૬ કરતા ઓછાં વ્યાખ્યાન સામે પ્રતિવર્ષ ૦.૫ ગુણ

4.3.4.2. ૬ કરતા વધુ વ્યાખ્યાન સામે પ્રતિવર્ષ ૧.૦ ગુણ

ઉમેદવારના અનુભવનાં વર્ષોની ગણતરી યુનિવર્સિટીની અધ્યાપક તરીકેની માન્યતા મુજબ રહેશે.

5. **<u>ડૉક્યુમેન્ટ વેરિફિકેશન અને સમાલાપ કાર્યવાહી:</u>**

5.1. તમામ ઉમેદવારોએ નિયત સમયે અરજી ચકાસણી અને સમાલાપ કાર્યવાહી માટે નિશ્ચિત સમયે સ્વખર્ચે અચૂક ઉપસ્થિત રહેવું જરૂરી છે.

5.2. ઓનલાઇન અરજીમાં ઉમેદવારે ભરેલ વિગતો આખરી ગણાશે તેની ચકાસણી દરમ્યાન ખોટી વિગતો જણાતા કે ઉમેદવાર પોતે નોંધેલ વિગતો આધારોથી પ્રતિપાદિત કરવામાં નિષ્ફળ રહેતા તેની અરજી રદ ગણાશે.

5.3. દિવ્યાંગ કેટેગરીના ઉમેદવારો માટે કટ-ઓફ ૪૫ મેરિટ રહેશે તેનાથી નીચા મેરીટ વાળા ઉમેદવારને ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવામાં આવશે નહીં એની નોંધ લેવી.

5.4. ઉમેદવારે ડૉક્યુમેન્ટ વેરિફીકેશનની કાર્યવાહી સમયે અરજીમાં જણાવ્યા મુજબ ફી જમા કરાવ્યાના યોગ્ય પુરાવા અને માન્ય કોઇપણ ફોટો ઓળખપત્ર (મતદાતા ઓળખકાર્ડ/ પાસપોર્ટ/ પાનકાર્ડ/ આધારકાર્ડ/ ડ્રાઇંવિગ લાયસન્સ) રજૂ કરવાનું રહેશે.

5.5. **<u>ઉમેદવારે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની છેલ્લી માર્કશીટમાં CGPAમાંથી ટકાવારીમાં રૂપાંતરિત કરેલ ટકા ધ્યાને લેવાના રહેશે અને CGPA દર્શાવવામાં આવેલ ન હોય તેવા કિસ્સામાં કુલ ગુણ અને મેળવેલ ગુણના આધારે ટકાવારી મુજબ મેરીટ ગુણ આપવામાં આવશે. ઉમેદવારે સંલગ્ન યુનિવર્સિટીના સક્ષમ અધિકારીશ્રી દ્વારા CGPAમાંથી ટકાવારીમાં રૂપાંતરિત કરેલ પ્રમાણપત્ર ચકાસણી વખતે ચોક્કસ રજૂ કરવાનું રહેશે.</u>**

5.6. ઉમેદવારે લાયકાત સંબંધે શૈક્ષણિક, અનુભવ, ગુણાંકન અને અન્ય મુદ્દે જરુરી અસલ પ્રમાણપત્રો અને આનુષંગિક આધારોના તમામ દસ્તાવેજો તેમજ દરેકની સ્વ પ્રમાણિત નકલોનો સેટ ડોક્યુમેન્ટ વેરીફીકેશન સમયે અને સમાલાપ સમયે રજૂ કરવાના રહેશે. ડૉક્યુમેન્ટ વેરિફિકેશન કરાવ્યા બાદ જો કોઇ ઉમેદવારને કોઇપણ પ્રકારનો વાંધો હોય તો તે માટે નિયત ફોર્મમાં જરૂરી આધાર પુરાવા સાથે નિયત સમય મર્યાદામાં પોતાનો વાંધો/પ્રશ્ન (ગ્રિવન્સ) રૂબરૂમાં ગ્રિવન્સ રિડ્રેસલ કમિટી સમક્ષ રજૂ કરવાનો રહેશે અને જે તે પ્રશ્ન/વાંધાનું સમાધાન કરાવવાનું રહેશે. આ અંગેની વિગતવાર સૂચના ડૉક્યુમેન્ટ વેરિફિકેશન પછી વેબસાઇટ ઉપર મૂકવામાં આવશે. ત્યારબાદ વિષયવાઇઝ અને દિવ્યાંગતાની કેટેગરીવાઇઝ મેરિટ મુજબ ભરતીની સમાલપની કાર્યવાહી કરવામાં આવશે.

5.7. ઉમેદવાર અરજી કરેલ વિષયમાં ઉપલબ્ધ તમામ જગ્યાઓ માટે પસંદગી ક્રમ આપી શકશે. આ માટે પ્રથમ મોક રાઉન્ડ કરવામાં આવશે ત્યારબાદ આખરી પસંદગી આપવા માટે જણાવવામાં આવે ત્યારે આખરી પસંદગી કરવાની રહેશે. અંતિમ મેરિટ

યાદીના આધારે સરકારશ્રીના શિક્ષણવિભાગના તા.૨૩/૧૨/૧૯ ના ઠરાવક્રમાંક:- એનજીસી/૧૦૧૯/CHE-૭૬૮/ખ મુજબ જે તે કોલેજની જગ્યાઓની સંખ્યાને ધ્યાને રાખીને પ્રથમ તબક્કામાં જેતે કેટેગરીની જગ્યાના સમાલાપ માટે માત્ર જેતે કેટેગરીના ઉમેદવારોને નીચેના કોષ્ટક મુજબ મેરિટ મુજબ સમાલાપ માટે બોલાવવામાં આવશે.

| ક્રમ | ભરવાપાત્ર જગ્યાની સંખ્યા | રૂબરૂ મુલાકાત (સમાલાપ) માટે બોલાવવા પાત્ર ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૦૧ | ૦૬ |
| ૨ | ૦૨ | ૦૮ |
| ૩ | ૦૩ | ૧૦ |
| ૪ | **૦૪ કે તેથી વધુ** | **દર એક જગ્યા દીઠ ત્રણ ઉમેદવારો પ્રમાણે** |

પ્રથમ તબકકા બાદ ખાલી રહેલ જગ્યાઓ માટે તમામ દિવ્યાંગ ઉમેદવારોમાંથી ઉપરના કોષ્ટક મુજબ મેરિટ મુજબ ઉમેદવારોને રૂબરૂ બોલાવવામાં આવશે.

**5.8.** સમાલાપ કાર્યવાહીમાં પસંદગી સમિતિ દ્વારા ૧:૧ ના પ્રમાણમાં પસંદ થયેલ ઉમેદવાર અને પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે, એટલે કે જેટલી જગ્યા ખાલી હશે તેટલા જ ઉમેદવારોને પસંદગી સમિતિના મેરિટ ક્રમાંક મુજબ પ્રતિક્ષા યાદીમાં સમાવવામા આવશે. પસંદગી દર્શાવેલી કોલેજના ઇન્ટરવ્યુ સમયે નિયત સમાલાપ સમિતિઓ સમક્ષ ઉમેદવારે ઉપસ્થિત થવું જરૂરી રહેશે, અન્યથા જે તે કોલેજની મેરિટ યાદીમાંથી તેનું નામ કમી કરવામાં આવશે. પસંદ થયેલ ઉમેદવારને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા ભલામણ પત્ર આપવામાં આવશે ત્યાર બાદ જે સંસ્થામાં ઉમેદવારની પસંદગી થયેલ હશે તે સંસ્થા દ્વારા નિમણૂંકપત્ર આપવામાં આવશે. નિમણૂંકપત્ર મળ્યાબાદ નિયત સમયગાળામાં નિમણૂંકના સ્થળે હાજર થવાનું રહેશે. જો કોઇ ઉમેદવાર નિમણૂંકપત્ર મળ્યા બાદ નિયત સમયમાં હાજર નહિ થાય તો સંચાલક મંડળ આ અંગેનો અહેવાલ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીને મોકલશે ત્યારબાદ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા પ્રતિક્ષાયાદી પરના ઉમેદવાર માટે ભલામણ પત્ર આપવામાં આવશે અને તેના આધારે સંબંધિત કોલેજના સંચાલક મંડળ દ્વારા નિમણૂંકપત્ર પ્રતિક્ષાયાદી પરના ઉમેદવારને આપવામાં આવશે.

**5.9.** **બીજા તબક્કા માટેની સૂચના:**

**<u>પ્રથમ તબક્કો પૂર્ણ થયા બાદ ખાલી રહેલ જગ્યાઓ માટે બાકી રહેલ દિવ્યાંગ ઉમેદવારોની દિવ્યાંગતાની કેટેગરીને ધ્યાનમાં લીધા સિવાય બીજા તબક્કાની સમાલાપની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કામાં જે તે સંસ્થામાં ગેરહાજર રહેલ કે પસંદગીનો અસ્વીકાર કરનાર ઉમેદવારો તે જ સંસ્થાના બીજા તબક્કાના સમાલાપમાં ભાગ લઈ શકશે નહીં.</u>**

**5.10.** તમામ કાર્યવાહી દરમ્યાન ઉમેદવારે સામાન્ય શિસ્ત અને પ્રસંગોચિત આચારસંહિતાનું પાલન કરવાનું રહેશે. આ પ્રકારના શિસ્તભંગના કિસ્સામાં ઉમેદવારની પસંદગી કે નિમણૂંક રદ્દ કરવા ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર અધિકૃત રહેશે.

**5.11.** કોઇ ઉમેદવારે બનાવટી દસ્તાવેજો રજુ કરીને કે દસ્તાવેજો સાથે ભરતી પ્રક્રિયાના કોઈપણ તબ્બકે ચેડા કરેલ માલુમ પડશે તો તેમની સામે નિયમાનુસાર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

**5.12.** સમાલાપ અંગેની વ્યવસ્થા જે તે સમયે વિષય, દિવ્યાંગતાની કેટેગરી, કોલેજ, જગ્યાઓની સંખ્યાને આધીન હોય છે પરિણામે તેને અનુરૂપ સ્થળ, સમય અને વ્યવસ્થાને અનુસરવાનું રહેશે.

**5.13.** ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત પ્રમાણપત્રોની ચકાસણી વખતે રજુ કરવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયક સમયગાળો ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર ઠરશે. અગાઉ ઉમેદવારને સરકારી સેવા હસ્તકની કંપની કે બોર્ડ/કોર્પોરેશનમાંથી કયારેય પણ ફરજિયાત નિવૃતિ, રુખસત કે બરતરફ કરવામાં આવેલ હોય તો તે વિગત પ્રમાણપત્રોની ચકાસણી વખતે રજુ કરવાની રહેશે.

**5.14.** જો કોઈ ઉમેદવાર કોઈપણ સરકારી કે બિનસરકારી સંસ્થામાં પૂર્ણ સમયના અધ્યાપક કે કર્મચારી તરીકે કાર્યરત હોય તો તેમણે જે તે સંસ્થાના સક્ષમ અધિકારીની અસલ એન.ઓ.સી. (ના-વાંધા પ્રમાણપત્ર) નિમણૂંક પત્ર મળે તે પહેલાં સંસ્થા સમક્ષ રજૂ કરવાની રહેશે.

**5.15.** અરજી કરનાર ઉમેદવાર ગુજરાતી ભાષામાં લેખન-વાંચન અને વાર્તાલાપની ક્ષમતા ધરાવતા હોય તે આવશ્યક છે.

## 6. <u>ઓનલાઇન અરજીપત્રક ભરવા તેમજ સમગ્ર ભરતી બાબતની અગત્યની સુચનાઓ:</u>

6.1. લાયકાત ધરાવતા દિવ્યાંગ ઉમેદવારોએ કચેરીની વેબસાઇટ **www.rascheguj.in** પર અખબારી જાહેરાતમાં નિર્દિષ્ટ તારીખો દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે.

6.2. અરજીપત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો. ઉમેદવારે ઓનલાઇન ભરેલ અરજી ફોર્મ આખરી ગણાશે જેમાં પાછળથી કોઇપણ જાતના સુધારા-વધારા કરી શકાશે નહીં કે તમારી વિશેષ કોઇ રજુઆત ગ્રાહ્ય રાખી શકાશે નહીં.

6.3. ઓનલાઇન સિવાય અન્ય કોઇપણ રીતે એટલે કે ટપાલ કે કુરીયર મારફત વગેરે રીતે અરજી ફોર્મ આ કચેરીને મોકલવા નહીં તેમજ આવી અરજીઓ માન્ય રાખવામાં આવશે નહિ.

6.4. ઉમેદવારે સૌ પ્રથમ વેબસાઇટ **www.rascheguj.in** પર રજિસ્ટર થવાનું રહેશે. રજિસ્ટ્રેશન વખતે જ વિષય અને દિવ્યાંગતાની કેટેગરી (A, B, C, D&E) પસંદ કરવાની રહેશે, અને એક થી વધુ વિષય માં અરજી કરવી હોય તો તમામ અરજીઓ અલગથી કરવાની રહેશે.

6.5. રજિસ્ટર થયા બાદ વેબસાઇટ પર લોગ-ઇન થવાથી અરજી ફોર્મ ખુલશે. અરજી ફોર્મ કાળજીપૂર્વક ભરવાનું રહેશે. અરજી ફોર્મ ભરવાની અને ઓનલાઇન ફી ચૂકવવાની પ્રક્રિયા અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં કરી શકાશે. ઓનલાઇન ફી ચૂકવણી કરવામાં આવે ત્યાં સુધીમાં ઉમેદવાર પોતાના ફોર્મની વિગતો સુધારી શકશે, પરંતુ ફી ભરાઇ ગયા બાદ કોઇપણ સંજોગોમાં ઉમેદવાર ફોર્મની વિગતો સુધારી/અપડેટ કરી શકશે નહીં. ઓનલાઇન ફી ની ચૂકવણી સંબંધે ઉમેદવારો અંતિમ સમય સુધી રાહ નહી જોવા સલાહ છે. જો ઉમેદવાર ઓનલાઇન અરજી ફોર્મમાં પોતે ભુલ કરશે તો તેવી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહીં.

6.6. **ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અવશ્ય આપવાનો રહેશે. આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવો નહીં જેથી જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.**

6.7. ઉમેદવારોએ અરજી ફી પેટે રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) ભરવાના રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત મળી શકશે નહીં.

6.8. ઓન લાઇન અરજીનાં તમામ પેજને સેવ (Save) એન્ડ નેક્સટ (Next) ઉપર જઇ અરજીફોર્મ સંપૂર્ણ ભરી દેવું. ફોર્મ ફી પેમેન્ટ મેનું પર જઇ ઓનલાઇન ભરવાની રહેશે અને તેની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. એક વખત ફોર્મ ફી ભરાઇ જશે પછીથી ઉમેદવાર તેની ઓનલાઇન અરજીફોર્મમાં કોઇ જ સુધારા કરી શકશે નહિં જેની ખાસ નોંધ લેવી.

6.9. ઑન લાઇન અરજી કરતી વખતે શૈક્ષણિક લાયકાત માટે જ્યાં ટકાવારી દર્શાવવાની છે ત્યાં જો ગ્રેડ પોઇન્ટ સિસ્ટમ (CGPA) મુજબ ગુણપત્રક હોય તો સંબંધિત યુનિવર્સિટી કે બોર્ડના નિયમો મુજબ ટકાવારીમાં પરિવર્તન કરીને ટકા દર્શાવવાના રહેશે. આ માટે સંબંધિત યુનિવર્સિટી કે બોર્ડના જે નિયમો મુજબ પરિવર્તન કરેલ હોય તે નિયમોની કોપી વેરિફિકેશન સમયે રજૂ કરવાની રહેશે અથવા યુનિવર્સિટી કે બોર્ડના સક્ષમ અધિકારીશ્રીની પાસેથી મેળવેલ (ગ્રેડ પોઇન્ટ માંથી ટકાવારીમાં પરિવર્તન કર્યાનું) પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. **આ માટે કોલેજના આચાર્યશ્રી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય રહેશે નહિ.**

6.10. ઉમેદવારે પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો (150KB થી ઓછી સાઈઝ), સહી (150KB થી ઓછી સાઈઝ) અને અરજીપત્રકમાં દર્શાવેલ ડોક્યુમેન્ટ (દરેક ડોક્યુમેન્ટની સાઈઝ 150KB થી ઓછી) (PDF) ઓનલાઈન અરજીપત્રકમાં અપલોડ કરવાના રહેશે. ફોટો અને સહી JPG, JPEG કે PNG ફોર્મેટમાં તેમજ ડોક્યુમેન્ટ્સ(PDF) ફોર્મેટમાં જ અપલોડ થશે. અરજીપત્રકમાં દર્શાવેલ વિગતોનાં તમામ આધારો અસલમાં ડોક્યુમેન્ટ વેરીફીકેશન અને સમાલાપ કાર્યવાહી વખતે ઉમેદવારે સાથે લાવવાના રહેશે. ઉપરોક્ત વિગતો અપલોડ કર્યા સિવાય અરજી કન્ફર્મ થઇ શકશે નહિ અને આવી અરજી રદ થવાને પાત્ર ઠરશે.

6.11. જો પ્રમાણપત્રો અપલોડ કરવાના સંબંધિત moduleમાં એક કરતાં વધારે પ્રમાણપત્રો અપલોડ કરવાનાં થતાં હોયતો તમામને સ્કેન કરી merge કરી એક (સિંગલ) PDF બનાવવી અને તે module માં અપલોડ કરવી.

6.12. ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે અને ડૉક્યુમેન્ટ વેરિફિકેશન વખતે તેમજ રૂબરૂ મુલાકાત વખતે રજુ કરવાની રહેશે.

6.13. જે ઉમેદવાર ઓનલાઇન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠેરવવામાં આવશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધુરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઇપણ તબક્કે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઇપણ પ્રકારની રજુઆત સ્વીકારવામાં આવશે નહીં.

6.14. ઉમેદવારોએ ભરતી પ્રક્રિયા સાથે સંકળાયેલ અધિકારી/કર્મચારીઓનો સંપર્ક કરવો નહીં. કોઇપણ પ્રકારે દબાણ લાવનાર કે ભરતી પ્રક્રિયામાં વિક્ષેપ કરનાર ઉમેદવારની અરજી રદ કરવામાં આવશે.

6.15. અરજી ફી ચુકવણીની વિગતો વગરની ઓન-લાઇન અરજી આપોઆપ રદબાતલ ગણાશે,

6.16. ભરતી સંબંધી સૂચનાઓ વખતોવખત વેબસાઇટ પર પ્રદર્શિત કરવામાં આવશે. આથી, તે અંગેની સૂચનાઓ વેબ સાઇટ www.rascheguj.in પર નિયમિત રીતે જોતાં રહેવા ઉમેદવારોને સલાહ છે.

સંયુક્ત શિક્ષણ નિયામક(કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
ગાંધીનગર

## પરિશિષ્ટ-૧

## વિષયવાર દિવ્યાંગતાની કેટેગરીવાઈઝ ખાલી જગ્યાઓની યાદી

| Sr | Subject | ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:- પરચ/૧૫૨૦૨૪/ CHE-33/ ખ તા.03/06/૨૦૨૪ મુજબ મળવાપાત્ર NOC ની નક્કી કરાયેલ બેન્ચમાર્ક ડીસેબીલીટી | | | | Total |
|---|---|---|---|---|---|---|
| | | A | B | C | D & E | |
| 1 | Chemistry | 0 | 1 | 0 | 1 | **2** |
| 2 | Commerce and Accountancy | 2 | 12 | 0 | 13 | **27** |
| 3 | Economics | 2 | 9 | 0 | 7 | **18** |
| 4 | Economics Method | 0 | 0 | 0 | 1 | **1** |
| 5 | English | 0 | 4 | 0 | 4 | **8** |
| 6 | English Method | 1 | 1 | 0 | 1 | **3** |
| 7 | Gujarati | 0 | 9 | 0 | 10 | **19** |
| 8 | Gujarati Method | 1 | 1 | 0 | 1 | **3** |
| 9 | Hindi | 0 | 3 | 0 | 3 | **6** |
| 10 | Hindi Method | 0 | 0 | 0 | 1 | **1** |
| 11 | Home Science | 0 | 0 | 1 | 0 | **1** |
| 12 | Home Science (FSN) | 1 | 0 | 0 | 0 | **1** |
| 13 | Home Science (Textile & Clothing) | 0 | 1 | 0 | 0 | **1** |
| 14 | Law | 1 | 3 | 0 | 4 | **8** |
| 15 | Maths | 1 | 1 | 1 | 1 | **4** |
| 16 | Maths Method | 1 | 0 | 0 | 0 | **1** |
| 17 | Microbiology | 2 | 1 | 1 | 2 | **6** |
| 18 | Political Science | 0 | 0 | 0 | 1 | **1** |
| 19 | Psychology | 2 | 3 | 0 | 2 | **7** |
| 20 | Rural Extension | 1 | 0 | 0 | 0 | **1** |
| 21 | Sanskrit | 0 | 1 | 0 | 1 | **2** |
| 22 | Sanskrit Method | 1 | 0 | 0 | 0 | **1** |
| 23 | Social Science Method | 1 | 0 | 0 | 1 | **2** |
| 24 | Sociology | 0 | 1 | 0 | 2 | **3** |
| 25 | Statistics | 1 | 2 | 2 | 3 | **8** |
| 26 | Zoology | 0 | 0 | 1 | 0 | **1** |
| | **Total** | **18** | **53** | **6** | **59** | **136** |

**(A)** B – (Blind) અંધ, LV – (Low Vision) ઓછી દ્રષ્ટિ

**(B)** D – (Deaf) બધિર, HH – (Hard of Hearing) ઓછું સાંભળનાર

**(C)** OA – (One Arm) એક હાથ, BA – (Both Arms) બંને હાથ, OL – (One Leg) એક પગ, BL – (Both Legs) બંને પગ, OAL – (One Arm and Leg) એક હાથ અને પગ, CP – (Cerebral Palsy) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, LC – (Leprosy Cured) રક્તપિત્તમાંથી સાજા થયેલ, Dw – (Dwarfism) વામનતા, AAV – (Acid Attack Victim) એસિડ એટેકનો ભોગ બનેલ, SD – (Spinal Deformity) કરોડરજ્જુની વિકૃતિ, SI – (Spinal Injury) કરોડરજ્જુમાં ઈજા

**(D)** ASD(M) – (Autism Spectrum Disorder (Mild)) સ્વલીનતા (મૃદુ), SLD – (Specific Learning Disability) ખાસ વિષય શીખવાની અક્ષમતા, MI – (Mental Illness) બૌદ્ધિક દિવ્યાંગતા

**(E)** MD – (Multiple Disabilities involving (A) to (D)) ખંડ (A) થી (D) હેઠળની એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા